સુવિચાર : હું નિષ્ફળતાને સ્વીકારું છું પણ ફરીથી પ્રયત્ન ન કરવાની વૃત્તિને સ્વીકારતો નથી... - માઈકલ જોર્ડન

તાપમાન
મહત્તમ : ૩૦.૦ ડીગ્રી
લઘુતમ : ૧૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૩ ટકા ● સાંજે ૪૪ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૩૦૨ | ૧૨ જાન્યુઆરી, ૨૦૧૬, મંગળવાર ; પોષ સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# દેશના દુશ્મનોને તેના અંદાજમાં જવાબની જરૂર



## સંરક્ષણ મંત્રી મનોહર પારીકરનો અંગત મત : દેશના સેનાના ટોચના અધિકારીઓ સાથે વિસ્તારપૂર્વક વાતચીત કરી : પાકિસ્તાનને પરોક્ષ રીતે ચેતવણી આપી

નવીદિલ્હી,તા. ૧૧ સંરક્ષણમંત્રી મનોહર પારિકરે આજે ભારપૂર્વક કહ્યું હતું કે, કોઈપણ વ્યક્તિગત અથવા તો કોઈપણ સંગઠન ભારતને નુકસાન પહોંચાડવાના પ્રયાસ કરશે તો તેને તેના અંદાજમાં જ પીડા પહોંચાડવા ભારત કટિબદ્ધ છે પરંતુ ક્યારે અને ક્યાં તે સંદર્ભમાં પસંદગી ભારત કરશે. આ સૂચનને પઠાણકોટ ત્રાસવાદી હુમલાને જોડીને જોવામાં આવે છે. સેનાના ટોચના અધિકારીઓ સાથે વાતચીત કરતા પ્રધાને કહ્યું હતું કે, ઈતિહાસ અમને કહે છે કે, જ્યાં સુધી અમને નુકસાન પહોંચાડનારને નુકસાન પહોંચાડવામાં ન આવે ત્યાં સુધી તેમાં કોઈ ફેરફાર થશે નહીં. પારિકરે કહ્યું હતું કે, તેમનો અભિપ્રાય છે કે, તેઓ અંગતરીતે માને છે કે, નુકસાન પહોંચાડનારને તેના જ અંદાજમાં જવાબ આપવો જોઈએ. જો કે, તેમણે ખાતરી આપતા કહ્યું હતું કે, આ

● અનુસંધાન પાન-૭ પર

# પાકિસ્તાનમાં શ્રેણીબદ્ધ જગ્યાઓ પર દરોડા

## મોટી સંખ્યામાં શકમંદોની ધરપકડ પણ મુખ્ય આકાઓ હજુ ફરાર : ગુજરાનવાલા, ઝેલમ, બહાવલપુર જિલ્લામાં વ્યાપક દરોડા પાડવામાં આવ્યા આઈબી, આઈએસઆઈ, અન્ય તપાસ સંસ્થાને સામેલ કરી સમિતિ રચાઈ

નવીદિલ્હી,તા. ૧૧ પઠાણકોટમાં એરફોર્સ બેઝ ઉપર બીજી જાન્યુઆરીના દિવસે કરવામાં આવેલા હુમલાના સંદર્ભમાં પાકિસ્તાન ઉપર તીવ્ર દબાણ આવી ગયું છે. પાકિસ્તાને અંતે દબાણ સમક્ષ ઝુંકીને કાર્યવાહી કરવાની શરૂઆત કરી છે. પ્રાપ્ત અહેવાલ મુજબ પાકિસ્તાન સત્તાવાળાઓએ ભારતમાં પઠાણકોટ એરફોર્સ બેઝ ઉપર ત્રાસવાદી હુમલો કરવામાં

● અનુસંધાન પાન-૭ પર

હોટલ પથિકાશ્રમ
પાર્ટી પ્લોટ
લગ્ન પ્રસંગ તથા શુભ પ્રસંગોની ઉજવણી માટેનું ઉત્તમ સ્થળ
• ગુજરાતી થાળી • મલ્ટી ક્યુઝન રેસ્ટોરન્ટ
• કાફે (24x7) • બેન્ક્વેટ્સ • રૂમ્સ (A.C/Non A.C)
98258 01780/82

# માસ્ટરમાઈન્ડ સામે પગલા લેવાશે તો જ પાકિસ્તાનની સાથે વાતચીત : અજીત દોવલ

નવીદિલ્હી,તા. ૧૧ ભારત અને પાકિસ્તાન વચ્ચે ૧૫મી જાન્યુઆરીના દિવસે વિદેશ સચિવ સ્તરની મંત્રણા યોજાનાર છે. આને લઈને તમામ તૈયારીઓ બંને દેશો કરી રહ્યા છે પરંતુ હવે દ્વિપક્ષીય મંત્રણા ઉપર સંકટના વાદળો ઘેરાઈ ગયા છે. કારણ કે પાકિસ્તાને અપેક્ષા મુજબની કાર્યવાહી હજુ પણ કરી નથી. ભારત પઠાણકોટ આતંકવાદી હુમલામાં સામેલ રહેલા લોકો સામે કઠોર પગલા લેવાની ઈચ્છા ધરાવે છે. પાકિસ્તાને હળવી કાર્યવાહી કરીને શકમંદોની ધરપકડ કરી છે પરંતુ ભારત હુમલામાં સામેલ રહેલા ત્રાસવાદીઓના આકાઓની ધરપકડ કરવામાં આવે તેવી ઈચ્છા રાખે છે. આજે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત દોવલે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, ભારત અને પાકિસ્તન વચ્ચેની મંત્રણા જો પાકિસ્તાન પઠાણકોટ હુમલાના માસ્ટરમાઈન્ડ સામે કાર્યવાહી નહીં

● અનુસંધાન પાન-૭ પર



ભારતીય સંસ્કૃતિની ઓળખ - સ્વામી વિવેકાનંદજીની જન્મ જયંતીએ શત્ શત્ પ્રણામ.... ભારતીય યુવાનોની શક્તિ અને દૃષ્ટિનો દુનિયાને પરિચય આપનાર સ્વામી વિવેકાનંદ દેશના યુવાનો માટે આદર્શ છે... ધર્મસંસદમાં સંબોધન કરી ભારતની જ્ઞાનશક્તિનો સ્પર્શ કરાવનાર સ્વામી વિવેકાનંદે દેશને નવી દિશા અને ઉંચાઈ આપી છે...

# જેલમાંથી છુટ્યા બાદ આંદોલન જારી રહેશે

## ગુજરાતના મુખ્યપ્રધાન આનંદીબેન પટેલ પણ તેમના આંદોલનને રોકી શકશે નહીં યોજના મુજબ આંદોલન આગળ વધશે, બધાનો સાથ મળશે : હાર્દિક પટેલ

અમદાવાદ,તા. ૧૧ પાટીદાર સમુદાય માટે અનામતની માંગણી કરીને ગુજરાત સરકારને હચમચાવી મુકનાર અને દેશભરમાં લોકપ્રિય થનાર હાર્દિક પટેલે આજે ફરી એકવાર જાહેરાત કરી હતી કે, જેલમાંથી છુટી ગયા બાદ આંદોલનને તે ફરી આગળ વધારશે. ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ પણ તેમને રોકી શકશે નહીં. આનંદીબેન પટેલ પણ

● અનુસંધાન પાન-૭ પર



હવે મેળવો
10.01% દ.વ.*
વાર્ષિકીકૃત ઉપજ 60 મહિના મુદતની
ડીસીબી ફિક્સ્ડ ડિપૉઝિટ પર
આપની જમા રાશિને 8 વર્ષ 9 માસમાં બમણી કરો!!*
ડીસીબી બૅન્ક
સેક્ટર 16, ઘ રોડ, ગાંધીનગર
કૉલ કરેઃ 9825542026 / 9825974100 / 65730141
*કર-પહેલાની વાર્ષિકીકૃત ઉપજ દ.વ. 8.20% દરે 60 મહિના ટર્મ ડિપોઝિટ માટે ત્રિમાસિક ચક્રવૃદ્ધિ ફ્રીક્વન્સીના અનુમાન આધારે જ્યારે વ્યાજ અને મુદ્દલ મુખ્ય પરિપક્વતા પર ચૂકવવામાં આવે છે. *8.00%નાં વાર્ષિક વ્યાજ દરે અને સંચિત વિકલ્પ પર પૂર્વ ટીડીએસ.
નિયમો અને શરતો લાગુ. આ વ્યાજ દરો 9 નવેમ્બર, 2015 થી લાગુ રહે છે અને કોઈપણ પૂર્વ સૂચના વિના ફેરફારને આધીન છે.
DCB Bank Limited
DCB BANK

કર ભલા... હોગા ભલા...
પૂ. છગનભા
ચતુર્થ વાર્ષિક પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલિ



સદ્‌ગત માણેકલાલ એમ. પટેલ સાહેબ (૧૯૨૯ - ૨૦૧૨)
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગરના પૂર્વચેરમેન તથા
કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરના આર્ષદૃષ્ટા પૂર્વ પ્રેસિડેન્ટ

नैनं छिंदन्ति शस्त्राणि नैनं दहति पावकः ।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ।।
(આત્માને શસ્ત્રો છેદતાં નથી અને અગ્નિ બાળતો નથી તેમજ પાણી એને ભીજવતું નથી અને વાયુ સુકવતો નથી.)

जातस्य हि ध्रुवो मृत्युर्ध्रुवं जन्म मृतस्य च ।
तस्मादपरिहार्येऽर्थे न त्वं शोचितुमर्हसि ।।
(જેનો જન્મ છે તેનું મરણ નિશ્ચિત છે, તેમજ જેનું મરણ તેનો જન્મ પણ તેટલો જ નિશ્ચિત છે, એટલે આ અપરિહાર્ય વસ્તુને માટે શોક કરવો તે તને યોગ્ય નથી.)

સર્વ વિદ્યાલય પરિવાર - કડી • ગાંધીનગર